# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail.com

---

**૧૭ જુલાઈ ૨૦૨૨ – મહિલા મંડળ** **શ્રેણી – ૧૯** **કુલ ગુણ : ૧૦૦**

(૨૦)

**પ્ર.૧ (અ) નીચેના શબ્દોના અર્થ લખીને ને તે કયા પાઠમાં આવે છે?** **(૫)**

૧. સુદિટ્ઠ  ૨. ઓહાસણભિક્ખાએ  ૩. સદ્ધાણુવાએ  ૪. વઈક્કમં  ૫. સાવજ્જં

**(બ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખીને ને તે કયા પાઠમાં આવે છે?** **(૫)**

૧. જાણી જોઈને  ૨. ચાર કાળ  ૩. પ્રકારના  ૪. હે ક્ષમાશ્રમણ  ૫. સ્તુતિ કરાયેલા

**(ક) બીજા કર્મગ્રંથના આધારે જવાબ લખો.** **(૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૫)**

૧. ચોથા ગુણસ્થાનના છેડે નામ કર્મની કેટલી અને કઈ કઈ પ્રકૃતિનો બંધ વિચ્છેદ? શા માટે? (૨)

૨. વ્યાખ્યા લખો. ઓઘ બંધ, બંધ વિચ્છેદ (૨)

૩. કેવળી કેવળ જ્ઞાનાવરણીયનો બંધ કરે કે નહિ? શા માટે? (૧)

**(૨) નીચેની પ્રકૃતિનો બંધ ક્યાં સુધી? બંધ વિચ્છેદ ક્યારે?** **(૫)**

૧. ઔદારિક શરીર  ૨. અશાતા વેદનીય  ૩. થીણર્દ્ધિ નિદ્રા  ૪. પરાઘાત નામ  ૫. રતિ

(૫)

**પ્ર.૨ આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. વ્યાખ્યા લખો. અણગાર, ગુણ, લોકની સંધિ. (૩)

૨. તુમં ચેવ તં સલ્લમાહટ્ટુ, જેણ સિયા તેણ નો સિયા । આ સૂત્ર સમજાવો. (૨)

(૧૦)

**પ્ર.૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. પુરુષ કથા કઈ કઈ છે?  ૨. દેવ સન્નિપાત અને દેવ ઉત્કાલિકા એટલે શું? તે કેટલા છે?

૩. નરકનું અનાગમનનું ચોથું કારણ લખો.  ૪. ૪૫ લાખ યોજન લાંબા પહોળા સ્થાનના નામ લખો.

૫. આશીવિષના કેટલા પ્રકાર છે? મેંઢક જાતિના આશીવિષનો વિષય કેટલો છે?

(૧૦)

**પ્ર.૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. મહાબલ કુમારના માતા–પિતા–નગરીનું નામ લખો. તે નગરી ક્યાં આવેલી છે?

૨. અભિચંદ્ર અને વૈશ્રવણ કયા રાજ્યમાં ઉત્પન્ન થયા? ત્યાં તેમનું નામ શું હતું?

૩. ચંદ્રચ્છાય રાજા કોના તરફ આકર્ષિત થયા? અર્હન્નક આદિ વણિકોએ રાજાને શું કહ્યું?

૪. અનર્થનું કારણ શું બને છે?

૫. પ્રભાવતી દેવીએ કેટલા સ્વપ્ન જોયા? શું દોહદ ઉત્પન્ન થયો? કોણે પૂરો કર્યો? બાળકનું નામ શું પાડ્યું?

**અથવા**

**પ્ર.૪ નિરયાવલિકા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. અભયકુમારે પિતાને શું સાંત્વના આપી?  ૨. હાલમાં કાલકુમાર ક્યાં છે? તેમનું ભવિષ્ય શું છે?

૩. ચેટક અને કોણિક રાજાએ શેની રચના કરી?  ૪. રાજા શ્રેણિકે કયું વિષ પીધું? શા માટે?
પ. કોણ બોલે છે? કોને કહે છે? : ૧. રાજશ્રીનો ફળ ભોગવી રહ્યો છે.
૨. આર્તધ્યાનથી યુક્ત રહીને ચિંતિત રહે છે.

(૨૦)

**પ્ર.પ (અ) ઉપાસકદશાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. ચૂલણીપિતા પાસે કેટલી સંપત્તિ હતી?  ૨. ભદ્રા સાર્થવાહીએ ચૂલણીપિતાને શું કહ્યું?
૩. દેવે નાના પુત્ર સાથે શું કર્યું?  ૪. દેવે બીજીવાર ચૂલણીપિતાને શું કહ્યું?
પ. કોણ બોલે છે અને કોને કહે છે? : ૧. અકાલમાં જ મૃત્યુને પ્રાપ્ત કરીશ.
૨. આ તો કોઈ ઉપસર્ગ હતા.

**(બ) અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. છ અણગારોએ છટ્ઠના પારણાના દિવસે અરિષ્ટનેમિને શું કહ્યું?
૨. દેવકી પુત્રસંબંધી ચિંતાયુક્ત થઈ શું વિચારવા લાગ્યા?
૩. ગજસુકુમાર મુનિએ ..... તથા ..... તથા ..... ને ઘાત કરવાવાળા કર્મોનો નાશ થવાથી ..... પ્રવેશ કર્યો.
૪. સોમાને જોઈને કૃષ્ણ વાસુદેવે પોતાના સેવકોને શું કહ્યું?
પ. કોણ બોલે છે અને કોને કહે છે? : ૧. અકાળમાં જ પ્રાણહરણ કર્યા.
૨. આહાર–પાણી નથી મળતા શું?

(૧૫)

**પ્ર.૬ દશવૈકાલિક સૂત્રના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૯)**

૧. આયરિયપાયા ......  ૨. મહાગરા ......  ૩. વિણએ ......

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૬)**

૧. વૃક્ષમાંથી શું ઉત્પન્ન થાય છે?  ૨. આચાર્યની સેવા કરે છે તે કેવી રીતે વધે છે?
૩. વિનયવંત શિષ્યને આ લોકમાં શું પ્રાપ્ત થાય છે?  ૪. કેવી ભાષા બોલવાની છે?
પ. શેમાં સંતોષભાવ રાખવાનો છે?  ૬. સાધુ કોણ છે અને અસાધુ કોણ છે?

(૧૦)

**પ્ર.૭ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. પહેલી અને પાંચમી દયાનું સ્વરૂપ સમજાવો.
૨. જ્ઞાનાચારના ભેદના માત્ર નામ લખો. અર્થ નહિ.
૩. જ્ઞાન, વીર્ય, દ્રવ્ય અને યોગ આત્માના ગુણસ્થાન કેટલા અને કયા કયા?
૪. નરક, તિર્યંચ, અરિહંત અને મિથ્યાત્વીને કેટલા અને કયા કયા આત્મા હોય?
પ. યોગ, ઉપયોગ, દ્રવ્ય અને દર્શન આત્માનો અલ્પબહુત્વ લખો.

(૧૦)

**પ્ર.૮ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. સચેત આદિ યોનિનો અલ્પબહુત્વ લખો.
૨. સ્વસ્થાન અને સમુદ્ઘાત એટલે શું?
૩. જેનું સ્વસ્થાન સંપૂર્ણ લોકમાં હોય તેનો ઉપપાત અને સમુદ્ઘાત ક્યાં હોય? તેમાં જીવના ભેદ કેટલા? કયા?
૪. કઈ યોનિવાળાને સંતાન ન થાય? શલાકા પુરુષની માતાને કઈ યોનિ હોય?
પ. ચોથી અને સાતમી નરકમાં કઈ કઈ યોનિવાળા જીવ હોય?

**જય – જિનેન્દ્ર**